(૨૦)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખીને ને તે કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. સુદિટ્ઠ | ભલી દષ્ટિથી | પ્રતિક્રમણના પાંચમા પાઠમાં |
| ૨. ઓહાસણભિક્ખાએ | વિશિષ્ટ વસ્તુઓ માંગીને લેવા વડે | પ્રતિક્રમણના બીજા શ્રમણસૂત્રમાં |
| ૩. સદ્દાણુવાએ | સાદ કરીને મર્યાદા બહારથી કોઈને બોલાવેલ હોય | દશમા વ્રતમાં |
| ૪. વઈક્કમં | અપરાધ થયો હોય | પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં |
| ૫. સાવજ્જં | સાવદ્ય, પાપકારી | સામાયિકના છટ્ઠા પાઠમાં |

**(બ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખીને ને તે કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. જાણી જોઈને | આકુટ્ટિ | પહેલા વ્રતમાં |
| ૨. ચાર કાળ | ચાઉક્કાલં | પ્રતિક્રમણના ત્રીજા શ્રમણસૂત્રમાં |
| ૩. પ્રકારના | વિહસ્સ | પ્રતિક્રમણના બીજા પાઠમાં |
| ૪. હે ક્ષમાશ્રમણ | ખમાસમણો | પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં |
| ૫. સ્તુતિ કરાયેલા | અભિથુઆ | સામાયિકના પાંચમા પાઠમાં |

**(ક) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. ચોથા ગુણસ્થાનના છેડે નામ કર્મની કેટલી અને કઈ કઈ પ્રકૃતિનો બંધ વિચ્છેદ? શા માટે? (૨)

**જ. પાંચ. ઔદારિક શરીર, ઔદારિક આંગોપાંગ, મનુષ્ય ગતિ, મનુષ્યાનુપૂર્વી, વજ્રઋષભ નારાચ સંઘયણ આ પાંચ પ્રકૃતિનો બંધ વિચ્છેદ કારણ કે શ્રાવકને પાંચમું ગુણસ્થાન હોય છે. તે ગુણસ્થાને રહેલા મનુષ્ય, તિર્યંચની ગતિ નિશ્ચયે દેવની જ હોય.**

૨. વ્યાખ્યા લખો. ઓઘ બંધ, બંધ વિચ્છેદ (૨)

**જ. ઓઘ બંધ–ગુણસ્થાનક કે જીવાદિની વિવક્ષા કર્યા વગર સામાન્યથી બંધને લાયક ૧૨૦ પ્રકૃતિઓનું કહેવું તેને ઓઘ બંધ કહે છે.**

**બંધ વિચ્છેદ–જે ગુણસ્થાન પછીના કોઈપણ ગુણસ્થાને તે પ્રકૃતિ ન બંધાય, તે પ્રકૃતિનો બંધવિચ્છેદ કહે છે.**

૩. કેવળી કેવળ જ્ઞાનાવરણીયનો બંધ કરે કે નહિ? શા માટે? (૧)

**જ. ન કરે કારણ કે કેવળ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કર્યો છે.**

**(૨) નીચેની પ્રકૃતિનો બંધ ક્યાં સુધી? બંધ વિચ્છેદ ક્યારે?** **(૫)**

| | બંધ | બંધ વિચ્છેદ |
|---|---|---|
| ૧. ઔદારિક શરીર | ૪ થા ગુણસ્થાન સુધી | ૪ થા ગુણસ્થાનના છેડે |
| ૨. અશાતા વેદનીય | ૬ ટ્ઠા ગુણસ્થાન સુધી | ૬ ટ્ઠા ગુણસ્થાનના છેડે |
| ૩. થીણદ્ધિ નિદ્રા | ૨ જા ગુણસ્થાનના સુધી | ૨ જા ગુણસ્થાનના છેડે |
| ૪. પરાઘાત નામ | ૮ મા ગુણસ્થાનના છટ્ઠા ભાગ સુધી | ૮ મા ગુણસ્થાનના ૬ ટ્ઠા ભાગના છેડે |
| ૫. રતિ | ૮ મા ગુણસ્થાનના ૭ મા ભાગ સુધી | ૮ મા ગુણસ્થાનના છેડે |

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યાખ્યા લખો. અણગાર, ગુણ, લોકની સંધિ. (૩)

**જ. અણગાર – જે સરળ આચરણવાળો હોય, રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગને પ્રાપ્ત હોય, જે અમાયી કપટરહિત હોય, તે જ અણગાર કહેવાય છે.**
**ગુણ – શબ્દ આદિ વિષય છે, તે જ સંસાર છે.**
**લોકની સંધિ – ધર્મ અનુષ્ઠાનના અપૂર્વ અવસરને જાણીને સાધક પ્રમાદ ન કરે.**

૨. તુમં ચેવ તં સલ્લમાહટ્ટુ, જેણ સિયા તેણ નો સિયા । આ સૂત્ર સમજાવો. (૨)

**જ. તે ભોગોની ઈચ્છારૂપ શલ્યનું સર્જન તમે સ્વયં કર્યું છે. જે ભોગ સામગ્રીથી તને સુખ થાય છે. તેનાથી સુખ નથી પણ થતું.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પુરુષ કથા કઈ કઈ છે?

**જ. પુરુષોની જાતિની કથા, પુરુષો કુળની કથા, પુરુષોના રૂપની કથા, પુરુષોની નેપથ્ય કથા એટલે કે વેશની કથા.**

૨. દેવ સન્નિપાત અને દેવ ઉત્કાલિકા એટલે શું? તે કેટલા છે?

**જ. દેવ સન્નિપાત એટલે દેવોનું એક જગ્યાએ એકત્ર થવું. દેવ ઉત્કાલિકા એટલે દેવની કલકલરૂપ દુર્ષધ્વનિ. ૪.**

૩. નરકનું અનાગમનનું ચોથું કારણ લખો.

**જ. નરકમાં તત્કાળ ઉત્પન્ન થયેલ નૈરયિક શીઘ્ર મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા કરે છે, પરંતુ નરકનું આયુષ્ય ક્ષય ન થવાથી, એને ન વેદવાથી, નિર્જરા ન થવાથી મનુષ્યલોકમાં આવી શક્તા નથી.**

૪. ૪૫ લાખ યોજન લાંબા પહોળા સ્થાનના નામ લખો.

**જ. ૧) પ્રથમ નરકનો સીમંતક નરકાવાસ ૨) સમયક્ષેત્ર એટલે અઢીદ્વીપ ૩) ઉડુ વિમાન–સૌધર્મ દેવલોકનો પ્રથમ પ્રસ્તટ (પાથડો) ૪) ઈષત્પ્રાગભારા નામની પૃથ્વી.**

૫. આશીવિષના કેટલા પ્રકાર છે? મેંઢક જાતિના આશીવિષનો વિષય કેટલો છે?

**જ. ચાર પ્રકારના. સંપૂર્ણ ભરતક્ષેત્ર પ્રમાણ ફેલાયેલા શરીરને પોતાના વિષથી વિષ પરિણત કરી શકે છે, પરંતુ હજી સુધી તેમ કોઈએ કર્યું નથી, કરતા નથી અને કરશે પણ નહિ.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મહાબલ કુમારના માતા–પિતા–નગરીનું નામ લખો. તે નગરી ક્યાં આવેલી છે?

**જ. માતા–ધારિણી, પિતા–બલ રાજા, નગરી–વીતશોકા. તે નગરી જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રની સલિલાવતી વિજયમાં આવેલી છે.**

૨. અભિચંદ્ર અને વૈશ્રવણ કયા રાજ્યમાં ઉત્પન્ન થયા? ત્યાં તેમનું નામ શું હતું?

**જ. અભિચંદ્રનો જીવ કાશી દેશના શંખ નામના રાજા રૂપે ઉત્પન્ન થયો.**
**વૈશ્રવણનો જીવ પાંચાલ દેશના જિતશત્રુ નામના રાજા રૂપે ઉત્પન્ન થયો.**

૩. ચંદ્રચ્છાય રાજા કોના તરફ આકર્ષિત થયા? અર્હન્નક આદિ વણિકોએ રાજાને શું કહ્યું?

**જ. મલ્લિકુમારી તરફ આકર્ષિત થયા. હે સ્વામિન્ ! અમોએ કુંભ રાજાના ભવનમાં વિદેહ રાજાની શ્રેષ્ઠ કન્યા મલ્લિને આશ્ચર્યરૂપમાં જોઈ છે, તેવી બીજી કોઈ દેવકન્યા કે રાજકન્યા નથી.**

૪. અનર્થનું કારણ શું બને છે?

**જ. ઉગ્ર તપવાન, સંયમવાન અને ઉત્કૃષ્ટ ફળને મેળવનાર સાધક જીવ પણ જો સૂક્ષ્મ અને ધર્મ વિષયક પણ માયા કરે, તો એ માયા તેના માટે અનર્થનું કારણ બને છે.**

૫. પ્રભાવતી દેવીએ કેટલા સ્વપ્ન જોયા? શું દોહદ ઉત્પન્ન થયો? કોણે પૂરો કર્યો? બાળકનું નામ શું પાડ્યું?

**જ. ૧૪ મહાસ્વપ્ન. ત્રણ માસ પૂર્ણ થયા ત્યારે પુષ્પશય્યાનો દોહદ ઉત્પન્ન થયો. વ્યંતર દેવોએ પુષ્પો લાવીને પૂરો કર્યો. દોહદ અનુસાર બાળકનું નામ મલ્લિ પાડ્યું.**

**અથવા**

**પ્ર.૪ નિરયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અભયકુમારે પિતાને શું સાંત્વના આપી?

**જ. હે તાત ! આપ ભગ્ન મનોરથ યાવત્ ચિંતિત ન રહો. હું એવો ઉપાય કરીશ કે જેથી મારી નાની માતા ચેલણા દેવીના દોહદની પૂર્તિ થઈ જાય.**

૨. હાલમાં કાલકુમાર ક્યાં છે? તેમનું ભવિષ્ય શું છે?

**જ. હાલ કાલકુમાર ચોથી પંકપ્રભા પૃથ્વીના હેમાભ નામક નરકવાસમાં છે. ત્યાંથી નીકળીને મહાવિદેહ ક્ષેત્રમાં આર્યકુળમાં જન્મ લેશે અને દઢ પ્રતિજ્ઞની જેમ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે યાવત્ સર્વ દુઃખનો અંત કરશે.**

૩. ચેટક અને કુણિક રાજાએ શેની રચના કરી?

**જ. કોણિક રાજાએ ૩૩ હજાર હાથીઓ યાવત્ ૩૩ કરોડ સૈનિકોથી ગરુડ વ્યૂહની રચના કરી અને ચેટક રાજાએ ૫૭ હજાર હાથીઓ યાવત્ ૫૭ કરોડ પાયદળ સૈનિકો સાથે શટકની રચના કરી.**

૪. રાજા શ્રેણિકે ક્યું વિષ પીધું? શા માટે?

**જ. તાલપુટ કારણ કે કોણિકને કુહાડી લઈને પોતાના તરફ આવતો જોયો તો એમને એમ લાગ્યું કે આ કોણિક મને ક્યા મોતથી મારશે એ ડરથી વિષ પીધું.**

૫. કોણ બોલે છે? કોને કહે છે? : ૧. રાજશ્રીનો ફળ ભોગવી રહ્યો છે – **પદ્માવતી દેવી વિચાર કરે છે.**

૨. આર્તધ્યાનથી યુક્ત રહીને ચિંતિત રહે છે – **અંગપરિચારિકાઓ શ્રેણિકને કહે છે.**

**(૨૦)**

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ચૂલણીપિતા પાસે કેટલી સંપત્તિ હતી?

**જ. ૮ કરોડ ધન નિધાન રૂપમાં, ૮ કરોડ ધન વ્યાપારમાં, ૮ કરોડ ધન ઘરવખરી રૂપમાં, ૧૦૦૦૦ ગાયોનું એક વ્રજ એવા આઠ વ્રજ હતા.**

૨. ભદ્રા સાર્થવાહીએ ચૂલણીપિતાને શું કહ્યું?

**જ. ભદ્રા સાર્થવાહીએ જ્યારે કોલાહલ સાંભળ્યો ત્યારે તે જ્યાં ચૂલણીપિતા શ્રમણોપાસક હતા ત્યાં આવ્યા અને ત્યાં આવીને કહ્યું, હે પુત્ર ! તું આ રીતે જોર જોરથી બૂમાબૂમ કેમ કરે છે?**

**અથવા**

**હે પુત્ર ! આવો કોઈ પુરુષ ન હતો યાવત્ તમારા નાના પુત્ર લાવીને માર્યો છે. આ તો કોઈ ઉપસર્ગ હતો એટલે જ તે આ ભયંકર દશ્ય જોયું છે અને તમારા વ્રત–નિયમ અને પૌષધ ખંડિત થયા છે. હે પુત્ર ! આ દોષસ્થાનની આલોચના કરો અને તપ–પ્રાયશ્ચિત્ત સ્વીકારો.**

૩. દેવે નાના પુત્ર સાથે શું કર્યું?

**જ. દેવે નાના પુત્રને મારવાની ધમકી આપી, તો પણ ચૂલણીપિતા નીડર રહ્યા તે દેવે તે નાના પુત્રને મારીને ઊકળતા રક્તમાંથી એના શરીરનું સિંચન કર્યું. ચૂલણીપિતાએ એ તીવ્ર વેદના સમભાવપૂર્વક સહન કરી.**

૪. દેવે બીજીવાર ચૂલણીપિતાને શું કહ્યું?

**જ. મોતને ઈચ્છવાવાળા ચૂલણીપિતા ! જો તું તારા વ્રતનો ભંગ નહિ કરે તો હું તારા વચલાપુત્રને ઘરેથી ઊંચકીને લઈ આવીશ અને તારા મોટા પુત્રની જેમ તારી સામે મારી નાંખીશ.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? : ૧. અકાલમાં જ મૃત્યુને પ્રાપ્ત કરીશ – **દેવ ચૂલણીપિતાને કહે છે.**

૨. આ તો કોઈ ઉપસર્ગ હતો – **ભદ્રા સાર્થવાહી ચૂલણીપિતાને કહે છે.**

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. છ અણગારોએ છટ્ઠના પારણાના દિવસે અરિષ્ટનેમિને શું કહ્યું?

**જ. હે ભગવાન ! આપની આજ્ઞા હોય તો આજે છટ્ઠના પારણે અમે છએ મુનિ ત્રણના સંઘાડામાં વિભાજન**

**થઈ મુનિઓના કલ્પ અનુસાર ભિક્ષા માટે દ્વારિકા નગરીમાં જઈએ.**

૨. દેવકી પુત્રસંબંધી ચિંતાયુક્ત થઈ શું વિચારવા લાગ્યા?

**જ. મેં આકૃતિ, વય, ક્રાંતિમાં એકસમાન યાવત્ નળકૂબેરની સમાન પુત્રોને જન્મ દીધા, પરંતુ સાત પુત્રોમાંથી કોઈપણ પુત્રની બાળક્રીડાનો અનુભવ નથી કર્યો. કૃષ્ણ પણ મારી પાસે ચરણવંદન માટે છ મહિને આવે છે.**

૩. ગજસુકુમાર મુનિએ ..... તથા ..... તથા ..... ને ઘાત કરવાવાળા કર્મોનો નાશ થવાથી ..... પ્રવેશ કર્યો.

**જ. શુભ પરિણામ, શુભ અધ્યવસાયો, આત્મા ગુણો, અપૂર્વકરણ.**

૪. સોમાને જોઈને કૃષ્ણ વાસુદેવે પોતાના સેવકોને શું કહ્યું?

**જ. હે દેવાનુપ્રિય ! તમે સોમિલ બ્રાહ્મણની પાસે જાઓ અને તેની પોતાની કન્યાની યાચના કરો. તત્પશ્ચાત્ એ સોમા કન્યાને કન્યાઓના અંતઃપુરમાં પહોંચાડી દો. તે ગજસુકુમારની ભાર્યા થશે.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? : ૧. અકાળમાં જ પ્રાણહરણ કર્યા – **કૃષ્ણ વાસુદેવ અરિષ્ટનેમિને કહે છે.**

૨. આહાર–પાણી નથી મળતા શું? – **દેવકી રાણી ત્રીજા સંઘાડાને કહે છે.**

(૧૫)

**પ્ર.૬ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. આયરિયપાયા ...... **પાના નં. ૮૧ ગાથા ૧૦**     ૨. મહાગરા ...... **પાના નં. ૮૩ ગાથા ૧૬**

૩. વિણએ ...... **પાના નં. ૯૭ ગાથા ૧**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

| | **જવાબ** |
|---|---|
| ૧. વૃક્ષમાંથી શું ઉત્પન્ન થાય છે? | **ફૂળ, ફળ અને રસ ઉત્પન્ન થાય છે.** |
| ૨. આચાર્યની સેવા કરે છે તે કેવી રીતે વધે છે? | **પાણીથી સિંચેલા વૃક્ષની જેમ પ્રતિદિન વધે છે.** |
| ૩. વિનયવંત શિષ્યને આ લોકમાં શું પ્રાપ્ત થાય છે? | **કીર્તિ, શ્રુતજ્ઞાન અને પ્રશંસાની પ્રાપ્તિ થાય છે.** |
| ૪. કેવી ભાષા બોલવાની છે? | **હિત, મિત અને સાચી (સત્ય) ભાષા બોલવાની છે.** |
| ૫. શેમાં સંતોષભાવ રાખવાનો છે? | **સંથારો, આસન, આહાર–પાણી વધારે મળતા હોય તેની અલ્પ ઈચ્છા રાખે, મૂર્ચ્છાભાવ ન રાખે.** |
| ૬. સાધુ કોણ છે અને અસાધુ કોણ છે? | **વિનય આદિ ગુણો ધારણ કરવાથી સાધુ છે. અવિનય આદિ ગુણોથી અસાધુ છે.** |

(૧૦)

**પ્ર.૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પહેલી અને પાંચમી દયાનું સ્વરૂપ સમજાવો.

**જ. ૧) સ્વદયા – તે પોતાના આત્માને પાપથી બચાવે.**

**૫) વ્યવહાર દયા – જેવી શ્રાવકને દયા પાળવા કહી છે તે સાચવે તે. ઘરના અનેક કામકાજ કરતા જતના રાખવી તે.**

૨. જ્ઞાનાચારના ભેદના માત્ર નામ લખો. અર્થ નહિ.

**જ. ૧) કાળ પ્રતિલેખના ૨) વિનય ૩) બહુમાન) ૪) ઉપધાન ૫) અનિન્હવ ૬) વ્યંજન ૭) અર્થ ૮) તદુભય.**

૩. જ્ઞાન, વીર્ય, દ્રવ્ય અને યોગ આત્માના ગુણસ્થાન કેટલા અને કયા કયા?

**જ. જ્ઞાન આત્મા – ૪ થી ૧૪ ગુણસ્થાન અને સિદ્ધ ભગવાન, વીર્ય આત્મા – ૧ થી ૧૪ ગુણસ્થાન, દ્રવ્ય આત્મા – ૧ થી ૧૪ ગુણસ્થાન અને સિદ્ધ ભગવાન અને યોગ – ૧ થી ૧૩ ગુણસ્થાન.**

૪. નરક, તિર્યંચ, અરિહંત અને મિથ્યાત્વીને કેટલા અને કયા કયા આત્મા હોય?

**જ. નરક અને તિર્યંચમાં – સાત આત્મા તે ચારિત્ર આત્મા વર્જીને.**

**અરિહંતમાં – સાત આત્મા તે કષાય આત્મા વર્જીને.**

**મિથ્યાત્વીમાં – છ આત્મા તે જ્ઞાન આત્મા અને ચારિત્ર આત્મા વર્જીને.**

૫. યોગ, ઉપયોગ, દ્રવ્ય અને દર્શન આત્માનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડા યોગ આત્મા, તેથી ઉપયોગ, દ્રવ્ય આત્મા, દર્શન આત્મા પરસ્પર તુલ્ય અને વિશેષાધિક.**

**(૧૦)**

**પ્ર.૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સચેત આદિ યોનિનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડા મિશ્ર યોનિવાળા, તેથી અચેત યોનિવાળા અસંખ્યાતગુણા, તેથી અયોનિવાળા અનંતગુણા, તેથી સચેત યોનિવાળા અનંતગુણા.**

૨. સ્વસ્થાન અને સમુદ્ઘાત એટલે શું?

**જ. સ્વસ્થાન એટલે શરીરસ્થ રહેવું. જ્યારે ઉપપાત, સમુદ્ઘાત આદિ અવસ્થા ન હોય તે.**
**સમુદ્ઘાત એટલે આત્મપ્રદેશોમાં વેદના આદિની પ્રબળતાથી વિશેષ પ્રકારનું સ્પંદન તે.**

૩. જેનું સ્વસ્થાન સંપૂર્ણ લોકમાં હોય તેનો ઉપપાત અને સમુદ્ઘાત ક્યાં હોય? તેમાં જીવના ભેદ કેટલા? કયા?

**જ. ઉપપાત અને સમુદ્ઘાત – સંપૂર્ણ લોકમાં.**
**પાંચ સૂક્ષ્મ સ્થાવરના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૦ ભેદ.**

૪. કઈ યોનિવાળાને સંતાન ન થાય? શલાકા પુરુષની માતાને કઈ યોનિ હોય? તેની વ્યાખ્યા લખો.

**જ. શંખાવર્ત યોનિવાળા. કાચબાના આકારે.**
**કચ્છા (કર્મોન્નત) – કાચબાના પીઠની જેમ ઉપસેલી.**

૫. ચોથી અને સાતમી નરકમાં કઈ કઈ યોનિવાળા જીવ હોય?

**જ. ચોથી નરકમાં શીતયોનિવાળા ઘણા અને ઉષ્ણયોનિવાળા થોડા, અચેત યોનિ.**
**સાતમી નરકમાં મહાઉષ્ણયોનિવાળા, અચેત યોનિ.**

**જય – જિનેન્દ્ર**